<u>પડધરીના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>
<u>મુ. પડધરી, જી.રાજકોટ.</u>

ક્રીમી. કેસ નં–169/2026

<u>–ઃ આંક–૦૧ નીચે ચુકાદોઃ–</u>

(૧). આ કામે આરોપી (૧) જય કિશાન એગ્રો કેમ, મેઈન બજાર, રામજી મંદિરની બાજુમાં, મુ. સરપદડ, તા.પડધરી, જી.રાજકોટ, (૨) વેકરીયા વિનોદભાઈ કેશવભાઈ, કે.ઓ. વેકરીયા કેશવવજીભાઈ, રંગપર પ્રાઈમરી વિદ્યાલય, મુ. રંગપર, તરધડી, તા.પડધરી, જી.રાજકોટ તથા (૩) અઝીલ ક્રોપ સાયન્સ લિમિટેડ, પ્લોટ નં. ૨૫૮, કુવાડવા, જી.આઈ.ડી.સી. એનએચ–૮બી, મુ. કુવાડવા, જી.રાજકોટ વાળાઓની સામે જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૩(ડ)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૨૯(૧)(ક), એમેન્ડેન્ટ–૨૦૦૦ મુજબનાં ગુન્હાનું તહોમત છે. આ કામનાં આરોપીઓની સામે જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૩(ડ)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ–૨૯(૧)(ક), એમેન્ડેન્ટ–૨૦૦૦ મુજબની પ્લી નોંધવામા આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપીએ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. આમ, આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**-: હુકમ :-**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૭૫ મુજબ જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ-૩(ડ)૧, ૧૭(૧)(ક), અને ૧૮(૧)(ગ) તથા જંતુનાશક દવા અધિનિયમ, ૧૯૬૮ ની કલમ-૨૯(૧)(ક), એમેન્ડેન્ટ-૨૦૦૦ મુજબનાં ગુન્હામાં તકસીરવાર ઠરાવી દરેક આરોપીને રૂા.૧૦,૦૦૦/- (દરેક આરોપીને અંકે રૂપીયા દસ હજાર પુરા) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન- ૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી સંભળાવી મારી સહી સીક્કો કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ**
**UID GJ-1579**